# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

************************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અજમેરમાં 16 હજાર કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો - H.P.V. રસીકરણ અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કરાવ્યો.**
2. **પ્રધાનમંત્રી આજે ગુજરાતના સાણંદમાં માઇક્રોન ટેકનોલોજીની અત્યાધુનિક ATMP સુવિધાનો પ્રારંભ કરાવશે.**
3. **દેશભરમાં આજે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી.**
4. **DRDOએ ઓડિશાના દરિયા કાંઠે ટૂંકા અંતરની હવા સંરક્ષણ પ્રણાલીના સફળ ઉડાન પરીક્ષણ કર્યા**
5. **ઇઝરાયલનો ઇરાન પર હુમલો - કટોકટીની સ્થિતિ જાહેર કરી**
6. **ICC પુરુષ T20 વિશ્વ કપમાં, આજે, પાકિસ્તાન શ્રીલંકા સામે રમશે.**

**,,.......................................................**

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# REV. PM RAJASTHAN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના અજમેરમાં **16** હજાર **680** કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ સંબોધન કરતાં આ મુજબ જણાવ્યું હતું.

## (BYTE – PM MODI ON PROJECT)

શ્રી મોદીએ **14** વર્ષ અને તેથી વધુ ઉંમરની દીકરીઓ માટે હ્યુમન પેપિલોમાવાયરસ **HPV** રસીકરણ અભિયાનની પણ શરૂઆત કરાવી. આ પહેલનો હેતુ સર્વાઇકલ કેન્સરને રોકવાનો છે, જે સ્ત્રીઓમાં કેન્સર સંબંધિત બીમારીના મુખ્ય કારણોમાંનું એક છે.

**(BYTE – PM – MODI HPV VACCINATION)**

દેશભરની દીકરીઓ અને મહિલાઓના લાંબા ગાળાના આરોગ્યને સુરક્ષિત રાખવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. પ્રધાનમંત્રીની ઉપસ્થિતિમાં પાંચ દીકરીઓને **HPV** રસી આપીને આ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ હાજર હતા.

પ્રધાનમંત્રીએ રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં પસંદ થયેલા **21** હજાર **800** થી વધુ યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ પણ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . .

# PM SANAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતની મુલાકાતે આવશે. શ્રી મોદી સાણંદમાં માઇક્રોન ટેકનોલોજીની અત્યાધુનિક સેમિકન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટ અને પેકેજિંગ **-ATMP** સુવિધાનો પ્રારંભ કરાવશે. આ સીમાચિહ્નરૂપ ઘટના પ્રથમ મેડ-ઇન-ઇન્ડિયા સેમિકન્ડક્ટર મેમરી મોડ્યુલ્સના વાણિજ્યિક ઉત્પાદન અને શિપમેન્ટની સત્તાવાર શરૂઆત દર્શાવે છે.

આ પ્રસંગે કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનૉલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવ પણ હાજર રહેશે. પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો એક અહેવાલ છે

## (VOICECAST - APARNA KHUNT)

. . . . . . . . . . . . . . . .

# REV CARNEY INDIA VISIT

કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્ની ભારતની ચાર દિવસની સત્તાવાર મુલાકાતે ગઇકાલે મુંબઈ આવ્યા છે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ શ્રી કાર્ની આજે મુંબઈમાં વ્યાપારી નેતાઓને સંબોધિત કરે તેવી શક્યતા છે.

પ્રસ્તુત છે એક અહેવાલ

## (V/C-BHAVANA MUMBAI)

. . . . . . . . . . . . . . . . .

## NATIONAL-SCIENCE-DAY

આજે દેશભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસ દર વર્ષે 28 ફેબ્રુઆરીએ મહાન ભૌતિકશાસ્ત્રી સર સી.વી. રમન દ્વારા રમન ઇફેક્ટની શોધની યાદમાં ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે, દેશભરમાં વિવિધ થીમ પર આધારિત વિજ્ઞાન સંચાર પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયનો વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે રાષ્ટ્રીય સ્તરનો કાર્યક્રમ યોજશે. આ વર્ષની થીમ "વિજ્ઞાનમાં મહિલાઓ: વિકસિત ભારત માટે ઉત્પ્રેરક" છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિજ્ઞાન દિવસે યુવાનોને સશક્ત બનાવવા, સંશોધન ઇકોસિસ્ટમને મજબૂત કરવા અને રાષ્ટ્રના વિકાસ અને વિશ્વના કલ્યાણ માટે વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો

ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ પર દેશના વૈજ્ઞાનિકો અને સંશોધકોને શુભેચ્છાઓ પાઠવી છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## DRDO-AIR DEFENCE SYSTEM

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન **DRDO** એ ઓડિશાના દરિયા કાંઠે ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ પરથી ખૂબ જ ટૂંકા અંતરની હવા સંરક્ષણ પ્રણાલી ના ત્રણ સફળ ઉડાન પરીક્ષણો કર્યા.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે આ પરીક્ષણો હાઇ-સ્પીડ મિસાઇલ સિસ્ટમની વિવિધ ગતિ, રેન્જ અને ઊંચાઈ પર ઉડવાની ક્ષમતાને ફરીથી માન્ય કરવા માટે કરાયા હતા. ફ્લાઇટ પરીક્ષણો દરમિયાન, મિસાઇલોએ વિવિધ જોખમી પરિસ્થિતિઓ હેઠળ હાઇ-સ્પીડ હવાઈ લક્ષ્યોને નષ્ટ કર્યા.

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે **DRDO,** સશસ્ત્ર દળો અને ઉદ્યોગને સફળ પરીક્ષણ માટે અભિનંદન આપ્યા. આ સિસ્ટમ ટૂંક સમયમાં સશસ્ત્ર દળોમાં સામેલ થવાની શક્યતા તેમણે દર્શાવી હતી.

. . . . . . . . . . . . . . . .

## ISRAEL-IRAN (EARLY)

ઇઝરાયલે આજે ઇરાન પર હુમલો કર્યો. ઇઝરાયલના સંરક્ષણમંત્રી ઇઝરાયલ કાત્ઝેએ આ માહિતી આપતાં જણાવ્યું કે દેશમાં કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. ઈરાનના વડા આયાતુલ્લાહ અલી ખામેનીના તેહરાનમાં આવેલા કાર્યાલયો પાસે વિસ્ફોટ થયો હતો. ઇરાની મીડિયાના જણાવ્યા અનુસાર તેહરાનના મધ્યમાં ત્રણ વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો.

દરમિયાન ઇઝરાયલી સેનાએ ઇરાન તરફથી જવાબી કાર્યવાહીની સંભાવનાને ધ્યાનમાં રાખીને જનતાને સાવચેત રહેવા ચેતવણી જારી કરી છે.

દરમિયાન ભારતે ઇઝરાયેલમાં રહેતાં ભારતીય નાગરિકોને પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને સાવધાન અને સતર્ક રહેવાં જણાવ્યું છે.

. . . . . . . . . . . . . . . .

## AFGHAN-PAK-CONFLICT

અફઘાનિસ્તાને જણાવ્યું છે કે તે પાકિસ્તાન સાથે ચાલી રહેલા સંઘર્ષને વાતચીત અને રાજકીય માધ્યમથી ઉકેલવા માંગે છે.

અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકીએ સાઉદી અરેબિયાના વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન અલ સઉદ સાથે ટેલિફોન પર વાત કરી અને અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેના તાજેતરના ઘટનાક્રમો અંગે ચર્ચા કરી.

સાંભળીએ એક અહેવાલ

**(BYTE - VISH-DARPAN-FARHAT)**

. . . . . . . . . . . . . . . . .

## UNSG AFGAN-PAK

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ જનરલ એન્ટોનિયો ગુટેરેસે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલી હિંસા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે તાત્કાલિક યુદ્ધવિરામની હાકલ કરીને રાજદ્વારી દ્વારા તેમના મતભેદો ઉકેલવા અપીલ કરી છે.

સંયુક્ત રાષ્ટ્રએ તમામ પક્ષોને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદા હેઠળ તેમની જવાબદારીઓનું પાલન કરવા અને લોકો અને માળખાગત સુવિધાઓની સલામતી સુનિશ્ચિત કરવા હાકલ કરી છે.

સંયુક્ત રાષ્ટ્રના માનવતાવાદી અધિકારીઓના અહેવાલ મુજબ વર્ષોથી ચાલી રહેલા સંઘર્ષ, ગરીબી, દુષ્કાળ અને ભૂકંપ જેવી કુદરતી આફતોને કારણે અફઘાનિસ્તાનની લગભગ અડધી વસ્તીને માનવતાવાદી સહાયની જરૂર છે.

. . . . . . . . . . . . . . . . .

## ICC T20 WORLD CUP

ICC પુરુષ T20 વિશ્વ કપમાં, આજે, સુપર ગ્રુપ 8 ની બીજી મેચમાં, પાકિસ્તાન શ્રીલંકા સામે રમશે. આ મેચ સ્થાનિક સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

ભારત આવતીકાલે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે સુપર આઠની છેલ્લી મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ટકરાશે.

સ્પર્ધાની સેમિફાઇનલ 4 અને 5 માર્ચે, જ્યારે ફાઇનલ 8 માર્ચે રમાશે.

. . . . . . . . . . . . . . . . .

## TRUMP-CUBA

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ક્યુબા પર "મૈત્રીપૂર્ણ કબજો" કરવાનો સંકેત આપ્યો છે. અમેરિકાને ક્યુબા પર કડક ઇંધણ પ્રતિબંધ લાધ્યા બાદ આ નિવેદન આવ્યું છે. પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે અમેરિકા ક્યુબા પર કબજો કરી શકે છે, પરંતુ તે સૌહાર્દપૂર્ણ શરતો પર હશે.

દરમિયાન ક્યુબાના રાષ્ટ્રપતિ જણાવ્યું છે કે તેમનો દેશ કોઈપણ મુદ્દા પર અમેરિકા સાથે વાટાઘાટો કરવા તૈયાર છે, પરંતુ તેમણે દબાણ હેઠળ વાટાઘાટો કરવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . .